ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



હર્ષાબેન મુકેશકુમાર ઠક્કર
(૧૧-૧૦-૧૯૫૫) મો. ૭૭૭૮૯ ૮૩૭૦૬



જયરાજસિંહ કૃષ્ણકુમાર ચાવડા
(૧૧-૧૦-૧૯૯૭) મો. ૭૭૭૭૯ ૪૮૩૩૯



ઘનશ્યામ એન પ્રજાપતિ
(૧૧-૧૦-૧૯૮૯) મો. ૯૧૭૩૭ ૩૭૩૩૨



વિહાન ગૌરાંગભાઈ પારેખ
(૧૧-૧૦-૨૦૧૪)



અક્ષયભાઈ રાણા
(૧૧-૧૦-૧૯૪૯) મો. ૯૯૨૪૧ ૦૪૨૫૦



પી જી દવે
(૧૧-૧૦-૧૯૫૦)

# 'સંગત-૨૦૧૫'માં બીજા દિવસે યુવતિઓનો દબદબો રહ્યો





ગાંધીનગર, તા. ૧૦

કડી ખાતે આયોજિત કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુવક મહોત્સવ સંગત-૨૦૧૫ના બીજા દિવસે આજે વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં યુવતિઓનો દબદબો રહ્યો હતો. મોટાભાગની સ્પર્ધાઓમાં સ્પર્ધકો તરીકે યુવતિઓ જ જોવા મળી હતી. આમ આ યુવક મહોત્સવ એ સાચું જોતા યુવતિ મહોત્સવ બની રહ્યો હોય એવાં દશ્યો સર્જાયાં હતાં.

આજે મુખ્ય આકર્ષણ ડિબેટ , કલાસિકલ ડાન્સ અને થિયેટર ઈવેન્ટ્સનું હતું, જે પૈકી ગઈકાલે વયમર્યાદા બાબતે યુનિવર્સિટીએ નિયમોને વળગી રહેવાનું વલણ અપનાવતાં ડિબેટમાંથી ઘણા સ્પર્ધકો ઓછા થઈ ગયા હતા. ચારેક ટીમ વચ્ચે જ આ સ્પર્ધા યોજાઈ હતી અને એમાં ખાસ આકર્ષણ પણ રહ્યું ન હતું.

એ કારણે સૌથી વધારે આકર્ષણ કલાસિકલ ડાન્સ અને થિયેટર ઈવેન્ટનું રહ્યું હતું, જે અંતર્ગત ગૃપ માઈમ અને એકપાત્રીય અભિનયની સ્પર્ધાઓ ડૉ. રામભાઈ સંસ્કાર ભવનમાં યોજાઈ હતી.

ત્રણેય સ્પર્ધાઓમાં યુવતિઓનો દબદબો રહ્યો હતો. માઈમની સ્પર્ધાઓમાં કેટલીય ટીમ એવી હતી કે જેમાં માત્ર યુવતિઓ જ સામેલ હોય. માત્ર યુવકો જ જેમાં સામેલ હોય એવી ટીમ એકાદ જ જોવા મળી હતી. આમ આ સ્પર્ધામાં યુવતિઓની સંખ્યા સૌથી વધુ રહી હતી. એ જ હાલત કલાસિકલ ડાન્સમાં પણ જોવા મળી હતી.

એકપાત્રિય અભિનયની સ્પર્ધામાં પણ યુવતિઓનું પ્રભુત્વ રહ્યું હતું. પંદરેક પરફોર્મન્સમાંથી પાંચ જ પરફોર્મન્સ યુવકો દ્વારા, બાકીનાં ૧૦ પરફોર્મન્સ યુવતિઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. આમ, આ સ્પર્ધા પણ યુવતિઓની સ્પર્ધા બની રહી હતી. માઈમની સ્પર્ધામાં પાણી બચાવો, પર્યાવરણ બચાવો, વૃક્ષ બચાવો, પ્રદૂષણ, નારી શક્તિ વગેરે વિષયોને લગતા અભિનય પ્રસ્તુત થયા હતા. સ્પર્ધા પણ ખાસ્સી કટોકટની હતી. ખચાખચ ભરેલા હૉલમાં માઈમની સ્પર્ધા રોચક બની રહી હતી. એટલી રોચક સ્પર્ધા એકપાત્રીય અભિનયની નહોતી. એનું એક કારણ એ પણ હતું કે ખાસ કોઈ નવા વિષયો અહીં જોવા મળ્યા ન હતા. આ કારણે આ સ્પર્ધા સરવાળે નિરસ બની રહી હતી. આમ, આજના દિવસની સૌથી રસપ્રદ સ્પર્ધા માઈમ સાબિત થઈ હતી.

માઈમની સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત, ભરત પ્રજાપતિ અને એકપાત્રીય અભિનયની સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત અને ખોડભાઈ પટેલે પોતાની સેવાઓ આપી હતી. કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. કપિલ ત્રિવેદીએ થિયેટર ઈવેન્ટના પ્રારંભે સ્વાગત પ્રવચન કર્યું હતું અને નિર્ણાયકોનો પરિચય આપ્યો હતો.

સાંજે આયોજિત ઈનામ વિતરણ સમારોહમાં આ યુવક મહોત્સવની ચૅમ્પિયન કૉલેજ તરીકે ઍચવીઍચપી કૉલેજ ઑફ સાયન્સ, કડીનું નામ જાહેર કરાયું હતું, જેણે ૯ સ્પર્ધાઓમાં વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. સમારોહમાં પૂર્વ વૈજ્ઞાનિક અને ગુજરાત મલ્ટી ગૅસ બેઝ કૅમિકલ્સ પ્રા. લિ.ના ચૅરમૅન ડૉ. દશરથભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોલથરા પ્રાથમિક શાળા "વિદ્યાનિકેતન"નું લોકાર્પણ




ગાંધીનગર, તા. ૧૦

કલોલ તાલુકાના ગોલથરા ગામે આવેલ પ્રાથમિક શાળાના નવીન મકાનનો લોકાર્પણ વિધિ કાર્યક્રમ અને ઉદઘાટન પ્રસંગ આજ રોજ ભવ્ય રીતે સંપન્ન થયો.

સર્વ શિક્ષા અભિયાન દ્વારા નવનિર્મિત "વિદ્યાનિકેતન" લોકાર્પણ પ્રસંગે ગોલથરા ગામે રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો આયોજિત કરવામાં આવેલ. ગામના પ્રાથમિક શાળાના બાળકો દ્વારા રજૂ થયેલ વિવિધ રસપ્રદ અને અનેરા કાર્યક્રમ નિહાળવા કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્યશ્રી અજીતસિંહ રાઠોડ, રામાજી ઠાકોર, કાન્તિજી ઠાકોર, ધૂળાજી ઠાકોર, તાલુકા પંચાયત સદસ્યશ્રી વિષ્ણુજી ઠાકોર, સરપંચશ્રી, જિલ્લા સદસ્યા શ્રીમતી ડાહીબેન ઠાકોર, જિલ્લા ભાજપ પ્રમુખ નૈલેષભાઈ શાહ, સોજાના સરપંચશ્રી મોતીભાઈ પ્રજાપતિ, આસપાસની શાળાના આચાર્યશ્રીઓ, સારસ્વત મિત્રો અને અન્ય મહેમાનશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

ગામના નવયુવાન મિત્રો દ્વારા ચાલતા "સ્વયં યુવા સંગઠન" ની સામાજિક સેવાભાવી પ્રવૃત્તિઓની અત્રે ખાસ નોંધ લેવાઈ હતી. ગામના તેજસ્વી તારલાઓને ઈનામ-પુરસ્કારથી અભિપ્રેરિત કરવામાં આવ્યા હતા. સત્યનારાયણની કથા અને ભોજન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુવ્યવસ્થિત, અવિસ્મરણીય, અનુકરણીય, આવકાર્ય, પ્રોત્સાહક, અભૂતપૂર્વ અને પ્રશંસનીય બની રહ્યો હતો એમ એક અખબારીયાદીમાં સોજા હાઈસ્કૂલના સારસ્વત રાકેશ પ્રજાપતિએ જણાવ્યું છે.

## માઉન્ટ કાર્મેલના પ્રિ-પ્રાઈમરી વિભાગના વિદ્યાર્થીઓનો વર્ગખંડ નિદર્શન કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૧૦

સેક્ટર - ૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના પ્રિ-પ્રાઈમરી વિભાગના સિનિયર કે.જી. વિભાગના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્ગખંડ નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. વિદ્યાર્થીઓના વાલીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. શાળાના હોલમાં વર્ગખંડ અધ્યયનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જેનાં દ્વારા વાલીઓને જાણકારી મળે કે શાળામાં કઈ પદ્ધતિથી અધ્યયન કરાવવામાંઆવે છે. ઉપરાંત જીવનલક્ષી મૂલ્યોનું જ્ઞાન પણ શાળામાં સિંચવામાં આવે છે તેવું સુંદર નિદર્શન શિક્ષકો અને વિદ્યાર્થીઓના સુંદર તાલમેલથી સફળતાપૂર્વક થયું. વાલીઓએ આ નિદર્શનથી ખૂબ જ પ્રભાવિત થયા તથા આચાર્યા અને શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો. આ સમગ્ર જહેમત પાછળ શાળાનાં શિક્ષકોની સાથે-સાથે શાળા પ્રિન્સિપાલ સિસ્ટર રેણુકા, મેનેજર સિસ્ટર વેરોનિકા, તથા પ્રિ-પ્રાઈમરી વિભાગના ઈનચાર્જ સિસ્ટર યુનિસિયાનું માર્ગદર્શન જવાબદાર હતું.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ડી ધ વૉક (હિન્દી)
૯.૦૦, ૧૧.૪૫,
૫.૧૫, ૧૦.૪૫
તલવાર
૨.૩૦, ૮.૦૦
બાંકે કી ક્રેઝી બારાત
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૧૦.૦૦, ૧.૦૦,
૪.૦૦, ૧૦.૧૦
રૂદ્રમા દેવી (તેલુગુ)
૭.૦૦

**સ્ક્રીન-૩**
સિંઘ ઈઝ બ્લિંગ
૧.૦૫, ૭.૧૦
બાંકે કી ક્રેઝી બારાત
૪.૧૦

**સ્ક્રીન-૪**
જઝ્બા
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
૭.૧૫, ૧૦.૧૫

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
જઝ્બા
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨**
સિંઘ ઈઝ બ્લિંગ
૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૧૫
તલવાર
૭.૧૫

**સ્ક્રીન-૩**
ધ વૉક (હિન્દી, ૩ડી)
૧૨.૩૦, ૧૦.૧૫
ધ વૉક (અંગ્રેજી, ૩ડી)
૩.૦૦, ૭.૪૫
ધ માર્શીયન (અંગ્રેજી, ૩ડી)
૫.૧૫

**સ્ક્રીન-૪**
તલવાર
૧૦.૦૦
ગુજ્જુભાઈ ધી ગ્રેટ
૪.૦૦, ૭.૧૫
રુદ્રમા દેવી
૧.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૫**
જઝ્બા
૧૦.૦૦
તલવાર
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
સિંઘ ઈઝ બ્લિંગ
૬.૪૫

# માનવીના મૃત્યુ બાદ જીવંત રહેતી આંખ બે અંધ વ્યક્તિના જીવનમાં ઉજાસ પ્રગટાવી શકે છે

શરીરમાં દરેક ભાગ ઉપયોગી છે, પરંતુ આંખની કિંમત અને મૂલ્ય ઘણું જ વધારે છે આથી જ આંખોની જાળવણી અને તેને લગતાં રોગોને રોકવા સારવાર અંગે જાગૃતિ આણવા પ્રતિ વર્ષે ૧૧ ઓક્ટોબરનો દિવસ વિશ્વ દ્રષ્ટિ દિન તરીકે ઓળખાય છે. જેની દ્રષ્ટિ ઓછી થાય કે દ્રષ્ટિ ખામી ઉભી થાય તેની ઘાતક અસર તો, એ લોકો જ અનુભવે છે જેઓ તેનો ભોગ બન્યા છે. માટે જ આપણી આંખને સંભાળો, આંખ આપણને સંભાળશે.

જ્યારે જ્યારે લાંબાં સમય માટે કામ કરતા હોય ત્યારે, થોડા-થોડા અંતરે આંખોને બંધ કરી આરામ આપો. સારી દ્રષ્ટિ માટે લીલા શાકભાજી-તાજા ફળોનો વિપુલ માત્રામાં ઉપયોગ કરો. નિયમિત અને સમયાંતરે આંખની દ્રષ્ટિની ચકાસણી કરાવો. આંખના રોગોની સારવાર તાત્કાલીક લો. અંગત વપરાશમાં ટુવાલ કે રૂમાલ અન્ય લોકોને વાપરવા ન આપો. વાંચતી વખતે પાછળથી ડાબી બાજુથી અને પુરતા પ્રમાણમાં પ્રકાશ આવે તેવી વ્યવસ્થા ગોઠવવી. સૂર્યગ્રહણ જોવુ નહીં. ડાયાબિટીશથી દ્રષ્ટિ માં ઝાંખપ આવે છે આથી તેની સારવાર ઝડપથી કરાવો. ધૂળ, કચરો કે ફટાકડાથી આંખોને રક્ષણ આપો.



વિશ્વમાં ૪.૫ કરોડ દ્રષ્ટિ હીન વ્યક્તિઓ છે જે પૈકી એક તૃતીયાંશ અથવા ૧.૫ કરોડ લોકો તો ભારતમાં જ છે. દેશનાં કુલ અંધજનો પૈકીનાં ૮૦ ટકા લોકો એવા છે જેમના જીવનમાં મોતિયો અથવા ઝામરે અંધકાર પાથર્યો છે. આવા પ્રકારનાં અંધાપાને એવોઈડેબલ બ્લાઈન્ડનેસ તરીકે ઓળખવામાં આવે છે. ગ્લુકોમા (ઝામર)ને કારણે દેશમાં અનેક લોકો અંધાપાનો ભોગ બન્યા છે.જેથી ગ્લુકોમાની અસર શરૂ થતાની સાથે જ તેની યોગ્ય અને સમયસર સારવાર કરાવવી અત્યંત જરૂરી છે. આ વર્ષે વિશ્વ દ્રષ્ટિ દિવસે સામાન્ય જનતાને ગ્લુકોમાની ઘાતક અસર વિષે જાગૃત કરવામાં આવશે.

માનવીના મૃત્યુ બાદ જીવંત રહેતી આંખ બે અંધ વ્યક્તિના જીવનમાં ઉજાશ (જ્યોત) પ્રગટાવી શકે છે. તો શા માટે આપણે આપણી આંખનું દાન ન કરીએ. નેત્રદાન જેવુ કોઈ દાન નથી. મૃત્યુ પછી પણ આંખોનું દાન કરવામાં આવે તો અંધજનને દ્રષ્ટિ મળે છે તેથી દરેક વ્યક્તિ અને તેના પરિવારજનોએ ચક્ષુનુ દાન કરવા તરત જ સ્થાનિક તબીબો કે સેવાભાવી સંસ્થાઓનો સંપર્ક કરવો જોઈએ.

આંખ બેન્ક કોઈ પણ નફાનો હેતુ વગર સખાવતી સંસ્થા છે. તેઓ કેવળ સમાજના લાભ માટે કાર્યરત છે. આંખ બેન્કો દૂર સવલત, પ્રોસેસિંગ, મૂલ્યાંકન, આંખો સાચવીને અને જરૂરિયાતમંદ માટે તેમને વિતરીત કરી, આઈ બેન્કો હ્યુમન ઓર્ગન પ્રત્યરોપણ એક્ટ હેઠળ આવે છે.બધા ધર્મો આંખ દાન પ્રથા સમર્થન આપે છે. ઉંમર, સેક્સ, રક્ત જૂથ અથવા ધર્મ ગમે તે હોય, દાતા બની શકે છે અને પ્રાપ્તકર્તા અને દાતા ની ઓળખ ગુપ્ત રાખવામાં આવે છે.

અહીં કેટલાક ઓછા જાણીતાં નેત્રહિનોની વાત કરીએ કે જેમણે પ્રજ્ઞાને ચક્ષુ બનાવીને અસંભવ જણાતું કામ કરી દેખાડયું! આંખ ન હોવા છતાં પોતાના કામથી રોશની ફેલાવી ગયેલાં લોકોની વાત આવે એટલે સામાન્ય રીતે હેલન કેલર અને જેના નામ પરથી વિશ્વ અંધત્વ દિનની ઉજવણી થાય છે એ બ્રેઈલ લિપિના શોધક લુઈસ બ્રેઈલનું સ્મરણ કરાય છે. હેલન કેલર પહેલાના અંધ-બધિર હોવા છતાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ મેળવનારી પ્રથમ મહિલા લૌરા બ્રિડમેનને યાદ કરી લેવાય છે.

હેરિટ ટયૂબમેન: ૧૮૨૦માં જન્મેલી હેરિટ ટયૂબમેન બાળવયે જ ગુલામીમાં સપડાઈ ગઈ હતી. એમાંયે ટિનએજમાં પ્રવેશે એ પહેલા તો માથામાં થયેલા એક ગંભીર અકસ્માતમાં તેમણે આંખો પણ ગુમાવી દીધી હતી. જોકે, આંખ ગુમાવી છતાં દૃષ્ટિ નહોતી ગુમાવી એટલે ગુલામીની યાતનામાં સબડતી વખતે જ તેમણે બીજા ગુલામોને ખાસ તો અશ્વેત ગુલામોને આ પીડાદાયક જિંદગીમાંથી બહાર કાઢવાનો મનોમન નિર્ધાર કરી નાખ્યો હતો. તેમણે કેટલાય ગુલામોને ભાગવામાં મદદ કરીને સલામત જગ્યા સુધી પહોંચાડયા હતા. હેરિટે લગભગ ૫૦૦ જેટલાં ગુલામોને આઝાદીનો શ્વાસ લેવડાવ્યો હતો.

જેમ્સ હોલમેન : ૧૭૮૬માં જન્મેલા જેમ્સ હોલમેનને વિશ્વના પ્રથમ નેત્રહિન પ્રવાસીનું બિરુંદ આપવું પડે. જેમ્સ જન્મથી અંધ નહોતા. એક અકસ્માતના કારણે બીમારીમાં સપડાયા અને પછી હંમેશા માટે આંખની રોશની ગુમાવી દીધી. આંખનો ઉજાસ ગુમાવ્યા છતાં તેમણે જીવનમાં અંધકારને પ્રવેશવા ન દીધો. તેમણે ૧૮૧૯માં ગ્રાન્ડ ટૂર નામે પ્રવાસ આરંભ્યો. ફ્રાન્સ, ઈટાલી, સ્વીટ્ઝર્લેન્ડ, જર્મની, બેલ્જિયમ સહિતના અનેક દેશોમાં રખડપટ્ટી કરીને તેમણે જીવનમાં યાદગાર અનુભવોનું ભાથું બાંધ્યુ અને પછી પોતાના પ્રવાસ વર્ણનો દુનિયા સમક્ષ રજૂ પણ કર્યાં. એ જ રીતે બીજો પ્રવાસ થયો. પ્રવાસો થતાં ગયા અને ભાથુ બંધાતું ગયુ. ૧૮૩૫માં તેમણે પોતાના દુનિયાભરના પ્રવાસને ચાર વોલ્યુમમાં પ્રગટ કર્યાં અને એ સાથે એક નેત્રહિન દ્વારા દુનિયાને દુનિયાનો પરિચય મળ્યો.

જ્હોન બ્રેમ્બલિટ : ૩૦ વર્ષના આ ચિત્રકારનો રંગ સાથે દરરોજનો પનારો પડયો છે. પણ આમ જૂઓ તો તેની આંખો માત્ર અંધકાર જ જોઈ શકે છે. દુનિયા આખી તેના ચિત્રો જોઈને દંગ રહી જાય છે, પણ આ કમનસીબ ચિત્રકાર પોતાના જ દોરેલા ચિત્રોને જોઈ શકતો નથી, છતાં તેને એનો કોઈ જ વસવસો નથી. કહે છે ને કે નેત્રહિનને મનની આંખો હોય છે એમ આ ચિત્રકાર મનની આંખોથી પોતાની કલ્પનાને રંગો આપે છે. ચિત્રોમાં રંગો પૂરવાની તેની કૂનેહ દાદ માંગી લે એવી છે. આપણે જે વાત કલ્પી પણ નથી શકતા એને આ રંગરસિયો પોતાની કલ્પનાથી સાકાર પણ કરી બતાવે છે.

માર્ક એન્ટોની : ૨૯ જાન્યુઆરી, ૨૦૧૧ના દિવસે માર્ક એન્ટોનીએ જે પરાક્રમ બતાવ્યું એનાથી બધા દંગ રહી ગયા. તે રાતોરાત સમાચાર માધ્યમોમાં ચમકી ગયો. તેણે અંધ હોવા છતાં એક પણ ગફલત વગર ટેકનોલોજિની મદદ લઈને કાર ચલાવી જાણી. ડ્રાઈવિંગ વખતે તેનું પરફેક્શન એટલું બધું જોરદાર હતું કે પહેલી નજરે કોઈ માની ન શકે કે એક નેત્રહિન માણસ કાર ચલાવી રહ્યો છે.

ડેરેક રેબેલો : ડેરેલ રેબેલોને જન્મજાત જ ખામીયુક્ત દૃષ્ટિ મળી હતી. ઉંમર વધતી ગઈ એમ એમ આંખની રોશની ઓછી થતી ગઈ. જોકે, તેની અંદરનો સાહસવીર સતત કશુંક કરી છૂટવા આળસ મરડીને તેને જગાડતો હતો. ૩ વર્ષનો હતો ત્યારે જ તેણે સાગર ઉપર ચાલવાનું શમણું આંખમાં આંજી લીધું હતું એટલે પોતાનું તૂટી રહેલું સ્વપ્ન એને કોઈ કાળે મંજૂર ન હતું. બબ્બે આંખોએ પણ જે કામ કપરું છે એ કામ આંખોમાં અંધકાર ઓઢીને કરવાનું હતું એટલે વિશેષ કુશળતા જરૂરી હતી. અથાક પ્રયાસો પછી આખરે તેણે એમાં મહારથ મેળવી લીધી. સાગર સામે ઝઝુમતા આ સાહસિક થોકબંધ હિંમતનું ભાથુ બાંધ્યું છે.

પેટ એકર્ટ : કેમેરાને આંખ બનાવી નાખનારા તસવીરકાર, પેટ એકર્ટ મૂળે ઈન્ડસ્ટ્રિયલ ડિઝાઈનર હતા. ફોટોગ્રાફી તેમનો શોખ હતો. અકસ્માતે આંખ ગુમાવી દીધા પછી તેમણે કેમેરાની આંખને પોતાની આંખ બનાવી દીધી. આંખ હોવા છતાં કેમેરાની આંખ પાસેથી કામ લેવું એના માટે કુશળતા એણે પ્રાપ્ત કરી છે.

માર્લા રેન્યન : અમેરિકન મહિલા એથ્લેટ માર્લા રેન્યન જગતની પ્રથમ નેત્રહિન એથ્લેટ છે જેણે ઓલિમ્પિક્સમાં ભાગ લીધો હોય. તેમણે મહિલાઓની પાંચ હજાર મીટર દોડ સ્પર્ધામાં ત્રણ વખત ગોલ્ડ મેડલ મેળવ્યો છે. લોંગ જમ્પથી લઈને ૧૦૦ મીટર, ૨૦૦ મીટર સુધીની સ્પર્ધાઓમાં તેના ગોલ્ડ મેડલ બોલે છે. ૨૦૦૦માં સિડનીમાં યોજાયેલી ઓલિમ્પિક ગેઈમ્સમાં ૧૫૦૦ મીટરમાં ભાગીદાર બનીને તેણે વિશ્વ સમક્ષ પોતાની નોંધ લેવડાવી. એથ્લેટ ઉપરાંત લેખિકા, પબ્લિક સ્પીકર જેવી કેટલીય ઓળખ તેના નામની આગળ જોડાયેલી છે.

- ભરત ગાંગાણી